૫૦૯૪

શ્રી

સાજન રાજાના પુત્ર સુરવીર ગજરામારૂજી

નાટકનાં ગાયન. ૫૦૯૪

ભાગ ૧ લો.

જક્ત વીખ્યાત વાર્તા ઉપરથી

બનાવનાર

વ્યાસ. દોલતરામ વી. મનસુખરામ રેહેનાર

સીનોરના રેવાતીરે.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

ગ્રંથકર્તા પોતે.

આવ્રતી પેહેલી.

અમદાવાદ.

દીલ્લી દરવાજે માળીવાડાની પોળ સામે **વીરવેશ્વર**

પ્રેસમાં **ગીરધરલાલ રણછોડલાલે** છાપ્યું.

સંવત ૧૯૪૮ સને ૧૮૯૨

કિંમ્મત રૂ૦-૨-૬ બે આના છપાઈ.

પ્રત ૧૦૦૦ એક હજાર.

સુચના.

આ ગજરામારૂજીનું નાટક જક્ત પ્રશીધ વાતો ઉપરથી સંવત ૧૯૪૭ સન ૧૮૯૦–૯૧ ની શાલમાં રચ્યું હતું. તે હેવા ઉપદેશથી કે ...રમાં કેટલાક સાધારણ ગ્રહસ્થના વાણીયા તથા બ્રાહ્મણ વગેરે ગ્નાતીયોના છોકરાઓએ નાટકની કંપની કાહાડવા ઠરાવ કરેલો હતો. તે અરસામાં હું દ્વારકાં તરફ ગએલો ત્યાંથી આવ્યો અને મને તેઓએ નાટકના કામમાં લાલચ આપી લલચાવી ઉશ્કેરી વ્યવસ્થા મારાથી તાલીમ વીગેરેની કરવા લાગ્યા. તેથી આ ખેલ નહી બનેલો જાણી રચ્યો. અને છોકરાઓને શીખવી તૈયાર કરી બાહાર પાડવાની તૈયારીમાં જે મુખ્ય ઉહાત્ર કરનાર વણીક પુત્રો એવચની થવા લાગ્યા. ને માહારૂ નામ ખરી રીતે પ્રસીધ થયું. જેઓ મુખ્ય ઉપસ્થીતીના કરનાર પુરૂશો હતા તે તમામ સાધારણ કામમાં વાકેફ થએલા ફશાઈ ગયા બાહાર પડવા તેઓ તુકમ ફેરના માણસો ખાટી બાજી ખાઇ ગયા. તે બાહાર નીકળ્યા નહી. પણ માહારૂ નામ આગલ પડેલુ તેથી મેં એક વર્ષ સુધી એઓ આવશે એમ આશાથી સાધારણ સ્થીતીની કંપની ચલાવી બાદ બંધ કરી તેથી ઇશ્વરને અરજ કરૂં છું કે જે માણસ દસ્તાવેજમાં આવેલા અને કામમાં પ્રથમ ઉશ્કેરણી કરનાર જેમણે વિશ્વાસઘાત કર્યો છે તેમને સર્વગ્ન ઈશ્વર તું જોજે. ને યોગ્ય સજા આપજે એટલું માગું છું.

આ એક ભાગ ગાયન છપાવેલો છે. બીજો ભાગ છપાવવાનો છે તેની પણ કીમત આટલીજ પડશે. આ નાટક મોટુ બાત્રણ સાથે છપાવવા હોંશ છે. પણ સદગ્રહસ્થ ગ્રાહક આ ચોપડી વાંચી પસંદ કરશે. તો પછી બાહાર પાડવા મરજી છે. આ ચોપડી છપાવવા ઇરાદો નહી. પણ મી. માણકલાલ દલુભાઈની મુલાકાતે તેઓના આગ્રહથી અને જોઇતી મદદ આપવાથી બાહાર પાડીછે. વિશેશ સુચના મોટા નાટકમાં લખીસ. એજ વિગનાપના કર્તાની.

દોલતરામ મનસુખરામ.

ભેટ.

માહારા પર્મપ્રિય ભાઈ શ્રી હરીલાલ

ભુખણદાસ સોની. શીનોર

આપની સાથેના નીકટ સંબંધના પરીચયને લેઈ પડેલા
અનુભવથી રીધ થએલું છે કે કેલવણી તથા ગાયન
ઇત્યાદી બાબત ઉપર આપની અપુર્વ ઉત્કંઠા
મીત્રતા. પરોપકાર પ્રત્યે નાતો રાખવામાં
મોટાઈ દુર કરી આપે જે પ્યાર અ-
મારા ઉપર રાખેલો છે. તેને લેઈને
આ લઘુ ગ્રંથ સાથે આપનું ના-
મ અમર યાદદાસ્ત રેહેવા
ખાતર જોડવા રજા
લઊ છું.

દોલતરામ મનસુખરામ

ગ્રંથ કરતા—શીનોર

શ્રી.

ગજરામારૂજી નાટક પ્રથમ ભાગનાં ગાયન.

મંગળાચરણ. વિનતી ગજાનંદની. રાગ ધનાશ્રી.

(સર્વે પાત્રો સાથે અગર એકલા સુત્રધારે બોલવી).

વિનતી સુણો ગણરાય ગજાનંદ વિનતી. ટેક.
પ્રથમ આરંભે ગઇયે તમને, તંન શંકર ઉમીયાય; ગજાનંદ. ॥૧॥
ગજરામારૂજીનો'રૂડો, ભાગ પ્રથમ ભજવાય. ગજાનંદ. ॥૨॥
આ મંડળી નાટક પાત્રોને આવીને કરજ્યે સાહ્ય; ગજાનંદ. ॥૩॥
આપ આપના ખેલમાં સર્વે, યશ લઇ લઈને જાય. ગજાનંદ. ॥૪॥
વિઘ્ન જો આવે નાટકમાંહી, ટાળો તે તંન ત્રીપુરાય; ગજાનંદ. ॥૫॥
વંદન કરીયે સૌ કરજોડી, ખેલ સરૂ હવે થાય. ગજાનંદ. ॥૬॥

પ્રવેશ ૧ લો.

રાજા જસાજામ માંડવગઢ નામના શેહેરમાં રાજ્ય કરેછે. સાત રાણીયો છતાં પુત્ર નથી. અને વાંઝીયો છે. એક દીવસના સમયે દરબારમાં સવારના પોહોરમાં ઝાહાડુ કાહાડવા ચંડાલી (ભંગીયણ) આવેલી. તેણે રાજાને દુરથી જોયા ને મનમાં વિચાર્યું કે રાજાજી વાંઝીયા છે, માટે તેમનું મોહો જોવામાં આવશે તો આજ મને અવસુકન થશે. માટે ઝાડુ આડુ ધરી મોહો ફેરાવી ઉભી રહી. તે ઉપર રાજાની દ્દષ્ટી પડવાથી બોલાવીને પુછે છે.

જસા જામ— **ગજલ.**

રાજા હું મેં ક્રોમકા ઓર ઇંદ્ર મેરા નામ હૈ ગ્રામ.

સાચું બોલ દાસણી, ચંડાલણી ખરેખર.
જોઇ મુને તેં અરે, આ ક્રાકુ આડુ કેમ થયું. ટેક.
નીચ જાતને તુંને, મસ્તી ચઢી ખરી અરે;
હું રાજા છું આ શેહરનો, દીલમાં જરા તું ના ડરે. ૧
જુઠું બોલે જો કદી, વિના અપરાધથી મરે;
ઉતાઇ ખાલ તાહરી, તું બોપ દીલમાં શું ? ધરે.

ચંડાલણી— રાગ ઉપર પ્રમાણે.

સાચું કહું છું રાજવી, ના રીસ મુજપર કરો;
ન જોવું મુખ સવારમાં, ત્રણ જનનું તે સાંભળો.
પેટમાં જે પાપ રાખી, વાત કહે તે કુમરો;
તેથી મેલો લોભીયો, એ વાત દીલમાં ધરો.
તેથી મેલો વાંઝીયો, ન ક્રોધ કરસો રાય મંન,
સાત નારી આપને, નથી થયો હજુયે તંન.
સવારમાં એ ત્રણનું મુખ જોવાનું કહ્યું નથી.
જો જોઇએ મુખ તેમનું તો અવસુકન થાય અતિ;
માટે હે કૃપાનીધી સાવરણી મેં આડી ધરી,
હવે મુને રજા દીયો, હે રાવજી કરૂણા કરી;

રાજા જસાજામ ઉપર પ્રમાણે સાંભળી નીરાસ થયો. પોતાને સાત રાણીયો છતાં કંઇ પણ સંતતી નથી. માટે ચંડાલણીએ કહેલી વાત સાચી છે. એમ વિચાર કરી તેને ઇનામ આપી વીદાય કરી. મોટો પશ્ચાતાપ કરવા લાગ્યા. દરમીયાંન એક સીપાઇએ આવી ચંડાલણીને આપેલું ઇનામ તે પાછું આપી ગઈ કહ્યું તે સાંભળી રાજા અતી દીલગીરીથી રાજ કંઇજ કામનું નથી.

એમ વીચાર કરી વજીર પ્રતે કહેછે.

જસાજામ—સૈયર દુઃખ શું દાખવું. એ રાગ.

વજીર સંભાળજો રાજને હું જાઊં વન વાસ.
ઇછા થાંસે પુર્ણ માહારી તો આવીસ અવાસ. વજીર. ૧
સાત નારી છતે વાંઝીયો ન થયો એક તંન;
મુખ માહારૂ કોઈ જોતું નથી નથી ખાતું અન. વજીર. ૨
માટે તજું રાજ્ય સુખને, સોંપી આપને હાથ;
તપ કરૂં તન માગવા એજ વિચારી મેં વાત. વજીર. ૩
ઘણા વિવેકી વજીર છો મુજ બંધુ સમાંન;
રાજ્ય નિતિ રૂડી ચલાવજો રાખો એટલું ધ્યાંન. વજીર. ૪

વજીર કુલસીંઘ— રાગ ઊપર પ્રમાણે.

રાજ્ય સુખે કરો રાયજી ન જાવો વંનવાસ;
ઇસ આરાધો પ્રિતથી પુરસે પુત્રની આસ. રાજ્ય. ૧
રાણી રૂદંન કરે મેહેલમા સુણી જાવાની વાત;
હું સું કરૂં રહી એકલો આવું આપની સાથ. રાજ્ય. ૨
આજ્ઞા પ્રમાણે કરવું સહી એજ છે મુજ કર્મ;
શાસ્ત્ર મર્યાદા લોપુ નહીં ચુકું નહીં નીજ ધર્મ. રાજ્ય. ૩

જશાજામ—ઇશ તન ધનકી કોન બડાઇ. એ રાગ પ્રધાન પ્રત્યે.

રાજ્ય સંભાળો પ્રધાનજી મારા, જાઊ હુ વનમાં સૌ સર્ણે તમારા
ચલાવો રાજ્યમાં ધરમની રીતી, પ્રજા સુખ શાંન્તી ન થાય
અનિતી રાજ્ય. ૧
લઉ વરદાન હું દેવનું જ્યારે, આવીશ રાજ્યમાં પાછો ત્યારે. રાજ્ય.

જશાજામ—(અંતપુરમાં) રાણીયો પ્રત્યે. **રાગ આશાઓડી.**

પ્રિયાઓ હું રાજ્ય તજી જાઉ વનમાં; ટેક.
પુત્ર કે પુત્રી આપી ન ઇશ્વરે, આગ ઉઠી માહારા તનમે. પ્રીયાઓ.
૭ માનીતી નારી તમો છો સાતમી રહે છે અરણમે. પ્રીયાઓ. ૨
સાત નારી છતે વાંજનું મેહેણું સીરપર છે સઊ જનમે. પ્રીયાઓ. ૩
માટે આપો આજ્ઞા સઊ પ્યારી શું છે રાજપાટ ધંનમે. પ્રીયાઓ. ૪

સર્વે રાણીયો— **રાગ બારમાસીનો.**

હમો અબળાઓની સુણજ્યે વિનંતી શ્વાંમી ન જાસો વંનરે. ટેક.
પુન્ય દાંન કરો ઘેર રાજાજી ચીંત્યા ન કરસો મંનરે. હમો. ૧
ઇશ પુરી કરે આસ તમારી, ધીર ધરોની રાજંનરે. હમો. ૨
મુકીને કોહોના આધારે હમોને મદન ન થાય સહનરે. હમો. ૩
વારમવાર શું વદીયે નાથજી તમ વિના ભાવે ન અંનરે. હમો. ૪
જળ વિના મીન ન જીવે રાયજી, ધીર ધરે નહીં મનરે. હમો. ૫

જશાજામ— **રાગ કાફી. હોરી.**

સુણો સુંદરી વાત માહારી, માંનું નહીં હું લગાર; ટેક
પુત્ર માગવા તપને જાઊ અઘોર હું વનમાંઝાર. સુણો. ૧
પુત્ર વિના સઊ રાજપાટને મીથ્યા જન્મ સંસાર; સુણો. ૨
મોક્ષ કદી ના વાંઝનો થાય શાસ્ત્ર વદે એમ નાર. સુણો. ૩

પટરાણી—મુજે છોડ ચલા બનજારા એ રાગ

સ્વાંમી જાવો ન વનમાંઝાર, કરે રૂદન આ સર્વે નાર; ટેક.
સુણો ગઢ માંડવના રાય, જાવો કહેતાં આ જીવડો જાયજી.
વહે આંખે પડકી જલધાર, કરે રૂદંન. ૧
ક્ષણ વિયોગથીં ન રહેવાય, ઘડી એકતે વર્ષ સમ થાયજી;

માટે આવીયે સાથે આવાર, કરે રૂદંન. ૨

સર્વે રાણીયો— **રાગ મરસીયો.**

રાય માંડવગઢ ભૂપ વન જાવોમાં,
જાવોમાં (૩) હાંરે રાય માંડવગઢ. ટેક.
વાત વિયોગની સુણી મન ભમી જતું,
ધાર્યું ઇશ્વરનું નથી મિથ્યા થતું,
થયું નશીબમાં જે લખ્યું હતું રે. રાય. ૧

બનજારો.

સ્વામી જાવો ન વનમાંઝાર, કરે રૂદન. ખેંચી જતા નીચે.

જશાજામ— **રાગ ગરબી.**

કામણ દીસે છે ચાલગેલા. એ રાગ.

પ્રીયા પુત્ર વિનાનો સુનો સઉ સંસાર છે રે. દુઃખ અપારછેરે. ટેક
મુજને પ્રિય તમે છ પ્યારી, સાતમી અણમાનીતિ નારી;
હજુ સુધી કોઇને નહી, કંઇ પરીવાર છેરે. પ્રીયા. ૧
સંકરજીની શું છે મરજી ધરી ન કર્ણે માહારી અરજી
વંઝા મેહેણું શીરપર વારંમવાર છે રે. પ્રીયા. ૨
માટે તપ કરવાને જાઉં, પુત્ર ફલ લેઇ પાછો આવું;
પુત્ર વિના સુખ ભોગવવું, ધીક્કાર છે રે. પ્રીયા. ૩
માટે સીખ દીયો સઉ નારી કરીને આવ્યો સઉ તૈયારી.
રાજપાટ ફુલસીંધને સોપ્યું સાર છે રે. પ્રીયા. ૪
પુત્ર આપજો નશીબમાં લખ્યો હશે, તો તો મેહેણું ત્વરાથી ટળી જશે;
નાથ જાવાથી વંન શું ભલું થશેરે રાય. ૫
કરજોડી કહે સઉ દારા, કહો તે રૂવ કરીયે પ્રાણ પ્યારા;

સાથે આવીશું થવા ન દઇયે ન્યારારે. રાય. ૬

કેટલુંક ભાષણુ થયા બાદ રાણીઓની આજ્ઞા લેઈ જાય છે. રસ્તામાં વીદુષક આવે છે.

વિદુષક— રાગ સારંગ તાલદીપચંદી.

આવી રાણીઓને મુકી કરી, કેમ જાવો તમે વંનજી;
હું તો મુકીને આવું જઉં નહીં, ઢચુ પચું થાય મંનજી. આવી. ૧

જસાજામ—મીત્ર વિદુપક માહરા, નથી કોઇનું કામજી;
વંન જઇને હું તપ કરૂં, એહવી મુજ મંન હામજી. આવી. ૨

જશાજામ રાજા રાજ્ય છોડી જંગલમાં ઘણે દુર નીકળી જાયછે બાદ એક જંગલમાં જમીનપર પડેલાં પત્રોમાંથી જળાધારી સહીત માહાદેવ જડે છે. તેથી સ્તુતી કરે છે.

જસાજામ—રાગ ઠુમરી. હે બંનસીવાલે આના હમારે દેશ. એરાગ
હે શંકર પ્યારે પૂર્ણ કરો મુજ કાંમ, તેરો જનમો જનમનો ગુલામ ટેક.
રાજપાટ સઉ કુટંબ કબીલો છોડી માલ ધંન ગામ.
ગુરની આસે આરાધુ તમોને કરૂં વનવાસ મુકામરે. હે શંકર. ૧
આપ બીરાજયા અઘોર વંનમાં સહજ મળ્યા માહારાજ.
માફ કરો મુજ અપરાધીના સઉ અપરાધો તમો આજરે હે શંકર. ૨

ઘણા હર્શથી માહાદેવની તપશ્ચર્યા કરેછે તે દરમીયાંન ચાર ચોર આવે છે. તે રાજાને લુઠવાના ઇરાદાથી આવેલા. પરંતુ રાજાની હકીકતથી વાકેફ થઇ તે પણ વાંઝીયા છે. માટે માહાદેવ પાસે તપ કરવા બેસે છે. એક બે દીવસ પછી ભુખ્યા થાય છે. તેથી સીકાર લાવી અઘોર કર્મ સીવજીની જળાધારી ઉપર કરેછે. તેથી માહાદેવ અકળાઇ ચારોને પુત્ર થવા બાબત વચન

આપે છે તે જોઇ રાજા કમળ પુજા કરવાના ઇરાદાથી તતપર થાય છે માહાદેવજી તે દરમીયાંન એકદમ પોતાનું અકળ સ્વરૂપ દાખવીને રાજાને સાત પુત્ર થવા માટે કેરીયોના સાત ફળ આપે છે. સાત રાણીયોને એક એક ફલ નીરપક્ષપાતે પ્રયાસ કરાવવાનું કહી મહાદેવ અંતરધ્યાન થાય છે. ને જશાજામ રાજા પોતાના નગ્ર તરફ વિદાય થવાની તૈયારી કરી સ્તુતી કરે છે.

જસાજામ—રાગ હોળી ભોળાનાથ ડીગંબર એ રાગ,

હરે ભોળાનાથ જાગેશ્વર સઉ દુઃખ માહારૂ હર્યું. ટેક
ઇષ્ટદેવ શીવશંકર મહારા ધ્યાંન તમારૂં ધર્યું. હરે. ૧
વાંઝીયા મેહેણું ટાળ્યું માહારૂ જીવન શફળ કર્યું. હરે. ૨

દોહરો અથવા ગજલ.

જાગેશ્વર શંકર પ્રભુ, લાગુ તમને પાય;
મેહેણું ટાળ્યું માહારૂં, સદાયે કરજો સાહ્ય.

જશાજામ પોતાના રાજ્યમાં આવેછે. ત્યાં કચેરીમાં સર્વે કહેછે.

પ્રધાન વગેરે દરબારીયો—ગજલ ધન્યાશ્રીની.

ભલે પધાર્યા રાય, માંડવગઢ પતિ ભલે પધાર્યા રાય. ટેક.
આજ તમારૂં મુખડું જોઇને, આનંદ અંગ ન માય. માંડવ. ૧
બાર વરસ વનવાસ જઇને, કોહોની લીધી તમે સાહ્ય. માંડવ. ૨
નગ્રનિવાશી સર્વે પ્રજાજંન, મગ્ન અતિ મંન માંહ્ય. માંડવ. ૩

જસાજામ— અબઘર કેશે જાઊ લલારે એ રાગ.

પર્મ પવિત્ર પ્રધાનજી માહરા, સુણો તમે સઉ વૃતાંત હમારા. ટેક.
ગયો અહીંથી ઘણુ દુર ભારી, બપૈયા વનની ઘટા બહુ સારી. પર. ૧
સઉ ત્રિસામો બેશી આરામ, ધારી એહેવું મન કીધો મુકામ. પર.

જગ્યા કરૂં હું સુંદીર સારી, પત્ર ખસેડયા મેં મન ધારી. પર. ૩
કૃપા કરી મળ્યા શંકર દેવ, વર્ષદ્વાદશ મેં કરી શેવ. પરમ. ૪
પ્રશન થયા શીવજી ત્રીપુરારી, પૂછ્યુ મને કહો કેટલી નારી. પરમ.
આપ્યા ફલ આ મુજને સાત, થશે પુત્ર સાત તે દેવની જાત. પર.
એવું કહીને આપ્યું વચન, જાવો નીજ ધામ થસે સાત તન. પરમ.

રાજા અંતપુરમાં જઈ છ માનીતી રાણીયોને સાતે પુત્ર ફલ આપી દેછે. સાતમી દામાવંતી અણમાનીતી છે. તેહેને પુત્ર ફલ આપતા નથી. સાત ફલ છ રાણીયો પ્રયાસ કરે છે. તેથી માહાદેવનો કોપ થાય છે. સાતમી રાણી દામાવંતીયે ગોટલા છોતરાં દાસી પાસે મંગાવી તેની રાખ કરી પીવા વિચાર કરી સાક્ષી માટે વજીર ફુલશીધને બોલાવીને—

દામાવંતી— ગજલ.

જાગેશ્વર માહારાજ લાજ, રાખજો અબળા તણી,
સાત ફલ પુત્રનાં તે, આપીયાં તમે ગણી. ટેક.
સાતમુ ફલ માહરૂં, ન આપ્યું મુને રાયજી;
આ રાખ પીઉ તેહની, તમો કરજો માહારી સાહજી. ૧
સુર્ય દેવ ચંદ્ર દેવ, શાખમાં વજીરજી;
સઉ વાત માહરી તમે, જાણજો અકસીરજી. ૨
પ્રધાનજી તમારે સાખ, દેવી પડસે માહરી;
જો જાણો રાય વાત આ, કહે મુને ગુસ્સો કરી. ૩
તે સમે તમારે સાખ, પુરીને કેહેવું ખરૂં;
માટે તેડી આપને આ કામ હું હવે કરૂં. ૪

ફુલસીંધ સાક્ષી પુરવાની હા પાડી હીમત આપી જાય છે

નવ માસ પુર્ણ થાય છે. એટલે સાતેને પુત્ર અવતરે છે. છ માનીતી રાણીઓને પુત્ર જન્મ્યાની વધાઇ દાસી દરબારમાં આવી કચેરીમાં રાજા બેઠા છે. ત્યાં કહે છે.

દાસી— ગજલ. અગર સૈયા કોન; એ રાગ.

રાજાજી લાવીછું, આનંદની વધાઇ આજે;
પુત્ર થયા છે પ્રસવ, સરવે રાણીયોને આજે. ટેક.
માટે સીરપાવ માગું, આજ હું અમુલ્ય સાડી;
હાર નવ સેરી આપો, વધો આપ ફુલવાડી. ૧

જશાજામ— રાગ ઉપર પ્રમાણે.

ઘણી ખુશી તણી, વધાઇ વજીર આજ પ્યારા;
માટે આપો દાસીને, આજ સીરપાવ સારા. ૧
વિપ્ર પુજ્ય જોસીને બોલાવે, જલદીથી પ્રધાન;
જન્માક્ષર કરવા કુંવરજી તણા સુભ દીનમાન. ૨

ફુલસીંઘ—આજ્ઞા અનુસારનો, શ્વીકાર કરૂંછું માહારાજે;
મનોરથ પૂર્ણ સર્વે આપના થયા છે આજે. ૧
અતિ આનંદ દીન, આજ સમો કોણ રાગે;
વિપ્ર પુજ્ય જોસીને બોલાવું કંચની સભાયે.

દામાવંતી રાણીને પુત્ર જન્મે છે. તે પોતાની દાસી પાસે જોસીને તેડાવી જન્મપત્રી કરાવે છે. જોસી તૈયાર કરી વાંચીને થોડી હકીકતના દાખલા કહે છે.

જોસી— રાગ કેરબો.

જોઇ ટીપણું ને વાત કહું સુણો રાણી રે;
સુણો રાણીરે દામાવંતી રાણીરે. જોઇ. ટેક.

સુભ નક્ષત્રે જન્મ થયો એ રાખે તાતનો હામ;
ધરણી ધ્રુજે તેજ થકી એનું મતીયો મારૂ નામ. જોઇ. ૧
આપ મતથી કરે કામ એ છોડે નહી લગાર;
ગજરોમારૂ નામ છે બીજુ ભાગ્ય તણો નહી પાર. જોઇ. ૨
ચાર નારીયો પરણે પોતે આયુસવાન એ તન;
(પાજુ) બાર વરષનો થાયે જ્યારે ત્યારે જાય વન. જોઇ. ૩
મોહા બળવાન થસે એ પ્રાક્રમી કાન્તી દેવ સ્વરૂપ;
પચીસમે વર્ષે એ થાસે માંડવગઢનો ભૂપ. જોઈ. ૪
જોર મતથી જીતે સઉને ચીંત્યા નહી જરાય,
જગેશ્વરનો આપેલો તે શંકર કરસે સાહ્ય, જોઇ. ૫

ગજલ.

દામાવંતી—ઉઠ દાસી માહારી. ઝટ જોસીને વધાવ;
થાળ ભરી મોતીનો, તે અર્પવાને લાવ. ૧
મુને હર્ષ થાય આજ, દાસી માહારી મન;
પુત્ર રત્ન પ્રાપ્ત થયો આજ દીન ધન. ૨

સર્વે કુંવરની ઉમર સાત વર્ષની થાય છે. ત્યારે જસાજામ માનીતી રાણીયોના છ કુંવરને દરબારમાં તેડાવ્યા. રાજાએ પક્ષપાત કરી. તેથી તે કુંવરો લુલા લંગડાને બદશીકલ થયા. અણમાનીતી રાણી સાતમી દામાવંતીને ગજરામારૂજી પુત્ર જન્મ્યા છે. તે વાત જોસી અને પ્રધાન તથા નીમે ભાગના પુરજનો જાણે છે. રાજાને તે વાત ખબર નથી. માનીતી રાણીયોના છ પુત્રો તેઓને દરબાર સભા વિસ્મ્ય પાંમી હશવા લાગી. તેથી પુલસીપ અણમાનીતી રાણીના પુત્ર ગજરામારૂજીને દરબારમાં તેડી લાવ્યા.

તેને જોઇ તમાંમ સભા ઝાંખી થઇ જઈ ખુશ થઇ. રાજાયે તેને સલામ કરવા કહ્યું.—

ગજર.—૧૩— ગજલ.

સલામ સાતને કરૂં, અવરને હું નમુ નહી,
નમુ હું જેહને અરે, ગણી કહું સુણો અહી. ટેક.
સલામ પેહેલી માતને, જેણે જન્મ આપીયો મને;
નવ માસ ઉદરમાં ધર્યો, ન કોઇથી એતો બને. સ. ૧
બીજી દેવ જગેશ્વર, તેહ કૂલનો પ્રતાપ;
ઉદરમાં જાળવ્યો મને, જપુ હું નિત્યે તેહ જાપ. સ. ૨
ત્રીજી પ્રભુજીને કરૂં, જેણે આપીયો અવતારજી;
જશ જીનગીમાં આપે સહી, ઉતારસે ભવપારજી. સ. ૩
સલામ ચોથી અશ્વને, કરાવે મુને લેહેરજી;
ગામ દેશી પરગાંમથી, ઝટ લાવી મૂકે ઘેરજી. સ. ૪
સલાંમ પાંચમી કરૂ, સમસેરને પ્રણામજી;
દુસ્મનના કડકા કરે, એ રાખે માહારૂં નામજી. સ. ૫
છઠી સલામ ઢાળને, પડતો બચાવે ઘાવજી;
રક્ષા કરે તે માહરી, ન ચાલે વેરી દાવજી. સ. ૬
સલામ સાતમી કરૂ, અવની પરે વિશ્રામ છે;
પોશણ કરે સહુ જગતનું, જીવતાનું જીવન ઠામછે. સ. ૭
એ સાતને સલામ હું, કરૂં સુણો સભા સદા;
અવરને જરા અરે, નમુ નહી હું તો કદા. સ. ૮

જશાજામ— વિજય ટેક કેમ તજેરે એ રાગ.

નથી પુત્ર એ માહારો પ્રધાન, કાઢો એને વનમાંહીરે;

છોડી રાજ માહારૂ એ તંન, રહે દેશવટે જઈરે. ટેક.
નહી કીધી સભામાં સલામ. કાહો.
એને બંધન કરો આ ઠામ. રહે. ૧
ઘણો ફાટેલ છે એ ચંડાલ. કાહો.
કરે મુજથી મોટાઈ હાલ. રહે. ૨
અરે અણમાંનીતીના તંન. કાહો.
તું ફુલ્યો ફરે અતિ મંન. રહે ૩
અરે કોણ છે હાજર સીપાઈ. કાહો.
જાવો જલદી કરો સખતાઈ. રહે. ૪

ગજરામારૂ— રાગ ઉપર પ્રમાણે.

અરે દુર કરમી દુષ્ટ તાત, શું કાહાડે મુને વનમાંહીરે;
ઘણું દુઃખ દીધું મુજ માત, શું જાણે માંનમાંહીરે. ટેક.
ફળ શંકરે આપેલાં સાત. સું કાઢે.
તે આપ્યું નહી મુજ માત. સું જાણે. ૧
કરી રાખ ગોટાને છાલ. સું કાઢે.
તે પ્રશાદીનો હું બાલ. સું જાણે. ૨
સઉ ફળ તત્વનો તંન. સું કાઢે.
થયા શીવજી માતાને પરસંન. સું જાણે. ૩
મારે સુણો હો રાય જસાજામ. સું કાઢે.
નવ લેશો તમે મુજ નામ. સું જાણે. ૪
માની હુકમ તણો તુજ ત્રાસ. સું કાઢે.
નવ જાઉ કદી વંનવાસ. સું જાણે. ૫
પણ લખીત હશે મુજ કર્મ. સું કાઢે.

તો તો ચુકું નહી નીજ ધર્મ. સું જાણે ૬
હોય મરજીતો થાવો હુંસીયાર. સું કાઢે.
તૈયાર છે મુજ તલવાર. સું જાણે ૭

ગજરામારૂ ઉપર રાજા ઘણો ક્રોધાતુર થઇ મુસ્તક છેદન કરવા હુકમ કરે છે. પ્રધાન ફુલસીંઘ તેના તરફમાં (ગજરામારૂના) ઘણું ભાસણુ કરે છે અને ગજરામારૂને તેડી દામાવંતી પાસે આવતાં માંડવગઢના, પ્રથમના રાજાના વંક્ષનો જીવાજી નામના માણસને સાથે લેઇ જઈ તેના પાસેથી અસલ રજવાડાની જમીન વેચાણ રાખી તેમાં નવો મહેલ બંધાવી રહે છે. વજીર ફુલસીંઘના દીકરા રૂપસીંઘને પ્રધાન તરીકે અને સદરના જીવાજીને સેનાપતી રાખી રજવાડી રીત પ્રમાણે ઠાઠદાર કચેરી કરી દીવસો ગમતમાં નીરગમન કરે છે. એક પરદેસી બારોટ આવે છે તેને ઇનામ વીગેરે આપવાથી બારોટ ગજરામારૂના વખાણુ કરે છે.

બારોટ— કવીત. છપય છંદ.

બલો ભૂપ મારૂજી વિખ્યાત થાજો, અમરજસ કીર્તી કવીરાજ ગાજો; ટેક
કરો સાહ્ય સંકર સદાયે તમારી, થસે સીધ સઉ કાજ મંન વાતધારી.
આશીષ છે માહારી હવે હું જાઉ, દેશ દેશમે કીર્તી મારૂજી ગાઉ. ૨

રાજા જશાજામના દરબારમાં જાય છે ત્યાં કોઇયે કંઇ સનમાંન કર્યો નહીં તેથી ત્યાં ગજરામારૂના વખાંણુ કરે છે.

બારોટ— કવીત સીધુરીયો.

નામ સુભ રાખવા, મારૂજીને તમે, પાસ રાખો, જસાજામ રાજા;
તારસે નામને, તન તે રાયજી, કીર્તીના વાગસે સુર વાજા.
લુલાને લંગડા, પુત્ર તે શું કરે, નામ ચલાવશે શું તમારૂ;

દેવરૂપ રાયજી, કુંવરજી તે ખરો માટે માનો કહ્યું લાવો માર.

જસાજામ— **દોટક.**

નથી કામ તણો એ પત્ર અરે, અણુમાનીતીનો તન ખરે;
કરવો દુર તેને નકીજ ખરો, તેહેના વખાણ અહી ન કરો. ૧
તું ગમાર વિચાર ન લાવે જરી, કરવો દુર વાત નકીજ ઠરી;
કાઢો કાઢો સીપાઇ આ જનને, આવી એણે દુભાવ્યું મુજ મનને. ૨

રાણી દામાવંતી પોતાના પુત્રના વીવાહ સારૂ બ્રાહ્મણ બોલાવી કન્યાની સોધ કરવા મોકલે છે.

દામાવંતી— **ગજલ રાજા હુંને એ રાગ.**

ગોરજી માહારાજ તમે, જાવો ગાંમો ગામ;
સોધી લાવો સુંદરી, જરૂર કરો એ કામ. ટેક.
પુત્ર માહરો ચતુર, દેવનું સ્વરૂપ;
કન્યા તેને કારણે, લાવો તમે અનુપ. ૧
જોતાં પુત્ર મોહ પામે, એહેવી મીલાવો જોડ;
ભુલુ ન ગુણ આપનો, પુરૂ હું મન કોડ. ૨

બ્રાહ્મણ—કમળાવતી નગરીમાં રાજા ગુલાબસીંઘની કુંવરી ચંપાદે અતિ સ્વરૂપવાન છે. તેના મેહેલ આગળ જઇને ગજરામારૂના વખાણ કરે છે.

રાજગોર બ્રા૦— **રાગ મારૂ.**

માંડવગઢનો રાજા જસાજામ, તેના પુત્રનું ગાઉં હું નામ. ટેક.
નામ સુણતાં વાગે ગોહબાણ, છે સલક્ષણ ચતુરસુજાણ. ૧
તેની જનુનીયે જનમ્યો તે ધન, ગજરામારૂજી સરખો તન. ૨
ભાગ્યશાળી હશે જેહ નાર, મલશે ગજરામારૂ ભરથાર; ૩

પ્રાચે સાચુ કહું છું હું આજ, આવ્યો કન્યા જોવાને કાજ. ૪

ગુલાબસીંધ—લાવણી. ગુલચમનમે બીછુ એ રાગ.

ઘણી ખુશી તણી આ વાત સુણો બ્રહ્મ દેવા,
ગજરામારૂજી સાથ કર્યા હમે વેવા;
મમ પુત્રી આ ચંપાદે છે સકુમારી
સુલાસીંઘની હીમતથી વાત આ ધારી.
ત્યાં જઇને સઉ વ્રતાંત તમે કહી દેજો,
મુજ રંક તણી એક અરજી કર્ણે લેજો;
હોય મરજી લગન કરવા તણી જો વારે,
મુને ખબર કરજો આગળથી તે વારે.
દામાવંતી છે માત પુત્રની સારી,
જઇ ખબર મોકલવા કેહેજો પત્ર દુવારી.

રાજ ગોર બ્રાહ્મણ દામાવંતી પાસે આવીને હકીકત કહે છે.

રાજ ગોર બ્રા૦ રાગ મારૂ.

ફરતાં ફરતાં જોયા ઘણા દેશ, નગરી કમળાવતીનો નરેશ. ટેક.
તેહેની કુંવરી ઘણી ગુણવાન, રૂપે રૂડી ને ચતુરસુજાન. ૧
કીધો નકી લગનનો ઠરાવ. આપી દક્ષણાને શીરપાય. ૨
કંન્યા જોતાં સુરજનું બાલ, જોતા મોહીત કુંવર તતકાલ. ૩
ઘણો ભાગ્યશાળી એ કુમાર, મળી ઈંદ્રના સરખી નાર. ૪
આપો દક્ષણા તો હવે જાઉ, ગોરાણી ભેગો જઇ ઘેર થાઉ. ૫

રાજા જશાજામ ગજરામારૂને દેશવટે મોકલવા સારૂ કાળો ઘોડો અને કાળો પુશાક મોકલાવે છે. તે જોઇ ગજરામારૂ દેશવટે

જવા પોતાની મા દામાવંતીની આજ્ઞા લેવા આવે છે. તેને આવતો જોઈને—

દામાવંતી— મેનાવતી માતા. એ રાગ.

માહારા મારૂજી બેટા, આજ શી આફ્ત આવી પડી તુંને;
ગજરા—દામાવંતી માતા, આજ્ઞા દીયોને ઝટ મા મુને. ટેક.
દેશવટે વર્ષ દ્વાદશ જાવા, આજ્ઞા કરી મુજ તાત;
કાળો ઘોડોને વસ્ત્ર આ દાશી, મુકી ગઇ મા પ્રભાતરે. દામાવંતી. ૧
દામાવંતી—કેના ઢોળ્યાં કેના ફોડયા તન તે, કર્યો કોનેરે બીગાડ,
કાળો ઘોડો કાળાં વસ્ત્ર જોઈને, લાજી મરે રજવાડરે. માહારા. ૨
ગજરા—નથી ઢોળ્યું ફોડયું કોઇનું માડી, કર્યો નથી મે બીગાડ;
કાળે ઘોડેને આ લુગડે માતા, આવી કરમની આડરે. દામાવંતી. ૩
દામાવંતી—મોંહોમાંથી નથી પય સુકાયુ, હજુયે તું બાળે વેશ;
લગ્ન કરવાનું છે તાહારૂ બાળા, કયાં તું જાયે પરદેશરે. માહારા. ૪
ગજરા—બાલ કહે શું મુજને માતા, ક્ષત્રી તન સીંધ બાલ;
દેશવટે જઈ આવુ જ્યારે, લગન કરૂ તતકાલરે. દામાવંતી. ૫
દામાવંતી—કમળાવતી નગરીનો રાજા, ગુલાબસીંધ નીરધાર;
વેવા કીધો તેની કુંવરી સાથે ચંપાદે તુજ નાર રે. માહરા. ૬
ગજરા—કોહોને પુછીને કીધો તેં વિવા કાંઇ કર્યો ન વિચાર;
જન્મ પત્રીકામાં લખેલુ જાવા, દેશવટે વર્ષ બાર. દામા. ૭
દામાવંતી—દેશવટે તુંને જાવા દેવાની, પુત્ર નહી હું લગાર;
તેમ છતાં નહી માને જો માહારૂ પ્રાણ તજુ આવાર. માહારા. ૮
ગજરા—મનીયોમારૂ નામ છે માહારૂં, તે તું જાણે મુજ માત;

મુજ મુસ્તકે દેવ જગેશ્વર, આવી કરૂં વસ તાત. દામાવંતી. ૯

દામાવંતી— ગજલ. બેતની.

સુણ તું પુત્ર વાત માહારી, કામ અવળું શું કરે;
તું પાડી નાખે દુઃખમાં, અરે પ્રભુ હરે હરે. ટેક.
કોણુ જાણે સું થસે, ઉગમતે પ્રભાતમાં;
જાવા તણી રજા દેવા, ન માને માહારો આતમા. ૧
દુઃખમાં ગયો વધા જનમ, સુખ દીધું તે જરા;
તે દુબાર નાખી દુઃખમાં, તું જાય છોડી દીકરા. ૨
કોણ સુણસે વાત માહારી, વાહાર આવી કો કરે;
મુકી મુને કોના આધાર, તું તન દેશ સંચરે. ૩

ગજરા— રાગ ઉપર મુજબ.

સુખે રહો આ મેહેલમાં, ઓ માત માહરી તમે;
સમર્થ મામા માહરા, ત્યાં જાવા અહી જો ન ગમે. ટેક.
પ્રધાન રૂપસીંધને, જીવાજી છે સેનાપતી;
નીત આવી માત પાસમે, લેસે ખબર માહારી વતી. ૧
ગજરામારૂ રૂપસીંધ અને જીવાજીને પોતાની માતુશ્રીની શોપણુ કરે છે.

ગજરા— સૈયર દુઃખ શું દાખવું.

વજીર સંભાળો મુજ માતને, હું જાઉં દેશ બાહાર;
જન્મ પત્રીકામાં એ લખ્યું, વર્ષ થાયે બાર. વજીર. ૧
ત્યારે જાવું દેશ છોડીને, કરવું દેશા ટન;
તે દીન આજે આવીયો, ચીંત્યા કરશો ન મન, વજીર. ૨

જોર ચાલ્યું ન પીતા તણું, કીધો દુષ્ટ વિચાર;
ગરીબાઇથી આ મોકલ્યો, સ્યાંમ વસ્ત્ર તોખાર. વજીર. ૩
જીવાજી સાંણા સેનાપતી, રૂપસીંઘ વજીર;
રોવા માજીને દેશો નહી, આવી દેજો ધીર. વજીર. ૪

જીવાજી તથા રૂપસીંઘ. રાગ ઉપર મુજબ.

એ શું વદો પ્યારા મારૂજી છાંડો જાવાની વાત;
પ્રીત કરી તરછોડીને જાવા દઇયે ન ભ્રાત. એશું. ૧
થોડા દીવસ માટે પ્રીતડી, કરી તોડો શું રાય;
બેહદ દુઃખમાં નાંખ્યા તમે, નીર નયનથી જાય. એશું. ૨
મેહેણું ખાવાનું કર્યું તમે, આપ્યું નામ પ્રધાન;
સેનાપતિ જીવાજી કર્યા સઉ જુદાં તોફાન. એશું. ૩
રોઇ રોઇ મરસે આ માવડી, થાસે સુના આવાસ;
સીપાઇ નોકરને ચાકર સઉ, દીલગીર દાસીને દાસ. એશું. ૪

ગજરા— રાગ બનજારો.

ઘણો દીલગીર આ બધું જોઇ, નવ કલ્પાંત કરસો કોઇ. ટેક.
દેશા રટણ જાવું જરૂર, કરૂ દુસ્મન ચકના ચૂરજી;
આપો રજા દીલગીરી ખોઇ. નવ. ૧
વાહાલી દામાવંતી મુજ માત, આપો રજા જોડી કહું હાથજી;
કેમ કરો રૂદન તમો રોઇ. નવ. ૨

દામાવંતી— રાગ સીતાજીના મહીનાનો.

પુત્ર જાવાનું ધારે જરૂર, કહું એક વાતડી;
માંન કહું તુંને તે તન, રહે આજ રાતડી. ટેક.

જાજે સુખેથી કાલ પ્રભાંત, આપુ સીખ પ્રીતથી;
જોઇ સુકન વળાવુ હું તન રહે આજ રાતડી. ૧
ફરી જલદીથી દેસારટન, કુંવરજી આવો ફરી;
ત્યાં સુધી ભજુ ભોળાનાથ, આરાધુ હું શ્રી હરી. ૨
માહારા લાડકવાયા તન, જતું કષ્ટ જોઇને;
હવાં વિયોગ થકી તુજ બાલ, જસે દીન રોઇને. ૩
માટે રાખજે એટલું ધ્યાંન, રોતી મુકી માવડી;
આવો પુત્રજી પાછા ઘેર, જાવો દુઃખમાં જડી. ૪

પોતાની માતાની એક રાત રેવાનુ કબુલ કરી દરબારમાં પોતાની કચેરી કરે છે દામાવંતી તેને રાતમાં પરણાવવાના ઇરાદાથી પોતાના ભાઇ સુલાસીંઘને તેડવા સારૂ રૂડીયા રબારીને બોલાવીને કહે છે—

દામાવંતી— ગજલ. ઇંદ્રસભાની.

સુણ રૂડીયા રબારી, વાત માહરી;
કર કામ આ જરૂરનું, પુરૂ હું આશ તાહરી. ટેક
રાજા સુલાસીંઘ તે, અહંમદ નગરના રાય છે;
જઇ કહેજે તેને એટલું, ભાણેજ તારો જાય છે. ૧
માટે તમારી બેનડીયે, મોકલ્યો મુને અહી;
ચાલો ઝટ સાથ મારી, પ્રભાતમાં જસે અહી. ૨

રૂડીયો સુલાસીંઘને તેડી લાવે છે. તે રાત્રે ગજરામારૂને તેડી પરણાવવા તેડી જાય છે ત્યાં ગુલાબસીંઘ ચંપાદેને પરણવાની ના પાડવા કહે છે.

ગુલાબસીંધ— **બીગડી કોન સુધારે. એ રાગ.**

કુંવરી સું મત આપે તું માહારી. કુંવરી સું મત આપેરે. ટેક.
જાન લઇને માંડવગઢથી, ગુલાબસીંઘજી આવ્યારે;
ગજરામારૂ સાથ લેઇને, સંગ ન બીજો લાવ્યારે. કુંવરી. ૧
દેશવટે જાય ગજરામારૂ, હુકમ કર્યો તે તાતરે;
પરણી તુજને નથી રેહેવાનો, વિદેશે જાય પ્રભાતરે. કુંવરી. ૨
રાજકુંવર પરણી સુખ ઇછા નહી તે જાસે વનવાસરે;
માટે માન તું કુંવરી માહારૂ, છોડ લગનની આસરે. કુંવરી. ૩
લખ્યું હશે તો આવસે ત્યાંથી, સુખ મળે ન લગારરે;
સર્વે ઇછા મનમાં રેહેશે, તું ના કહે આવારરે. કુંવરી. ૪

ચંપાદે— **ગજલ ભેરવીની ધુંનમાં.**

કર્મે જે લખ્યું હશે, ન મીથ્યા થાયે તાત;
રૂડો ભુંડો એ ખરો, બીજા તે તાત ભ્રાત. ટેક.
કબુલ એ કીધો ખરો, ઇછા થકી મુજ માત;
અવરને વરૂ નહીં, કરૂં હું દેહ ઘાત. ૧

બ્રાહ્મણ બોલાવી તે વખતે તાતકાલીક લગ્નની તૈયારી ગુલાબસીંઘજી કરાવે છે.

બ્રાહ્મણ શ્લોક બોલે છે. શ્લોકનો ઢાળ સાવધાંનનો.

જટાશંકર—વરકન્યા થાવો સાવધાંન.

બીજો બ્રા૦—નાણાં કોથળી સાવધાંન.

જટાશંકર—કાળી કંઠી સાવધાંન.

બીજો—તાતકાલીક લગ્ન સાવધાંન.

જટા—સુભ મહુરત સાવધાંન.

બીજો—હસ્ત મેલાવીયે સાવધાંન વીગેરે ટીખળનું બોલેછે.

શ્લોકનો ઢાળ.

જટાશંકર—વિયોગી મહુરતમાં લગ્ન થાયે;
સતરાય માંનો કાલે શું થાયે.

બીજો— પરદેશમાં પરણી તુર્ત જાયે.
હવે ઉઠોની વરકન્યાયે.

જટાશંકર—મંગળ ફેરા દક્ષણા આપો;
જોડી કુશળ આ એ વર આપો.

બ્રાહ્મણો દક્ષણા લેઇ વિદાય થાય છે. સુલાસીંગ ગજરામારને દામાવંતી પાસે લઇ જઇ પોતે વીદાય થાયછે. ગજરામારૂ પણ દામાવંતી પાસે આજ્ઞા માગી જાય છે. તે ગયા પછી દામાવંતી વિલાપ કરે છે.

દામાવંતી— **લલીતછંદ**

અરરર પુત્રરે મુકીને મુને, ગયો તું એકલી શું ઘટયું તુંને. ટેક
રડતી મુકીને માતને અરે, અરરર ઓ પ્રભુ શું થશે ખરે. ૧
મેહેલ આ મુને ખાવા ધાયછે, રદય માહ્યરૂ ફાટી જાય છે. ૨
કચેરી ને સભા સૌ અવાસરે, સુનુ પડયું બધુ દાસી દાસરે. ૩
અરેરે દીકરા સી રીતે જશે. વરસ બારતે કયારે વિતસે. ૪

રાગ કલ્યાણની વિનતિ. સર્વે પાત્રો સાથે.

સઊ સભાજનો, આજે આવીયા તમો;

કૃપા કરી ખરેખરી આ સાચવ્યો સમો. ટેક.
નાટક રૂપે ભજવી કીધો, પ્રથમ ભાગ આવાર;
ગજરામારૂજીનો રૂડો, ખેલ થયો નીરધાર, સજી. ૧
ભુલ ચૂક જે હોય હમારી, તેહુની માફી આજ;
કરજોડીને સર્વે માગે, નાટકકાર સમાજ. સજી. ૨
(વારનું નામ)વારે થાસે બીજો, ગજરામારૂનો ભાગ;
આવો જોવા સર્વેજનો, ખોશો નહી એ લાગ. સજી. ૩
પ્રીય દેશી પ્રીતે આવી, જોઇને ખેલ તમાંમ;
આપ આપને દૂવાર પધારો, કહે છે દોલતરામ. સજી. ૪

ગજરામારૂજી નાટક પ્રથમ ભાગનાં ગાયન સમાપ્ત.